## ઓખાનાં જયુડીશ્ચલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં, મું.ઓખા.

**ફોજદારી કેસ નં.૧૬૯૨/૨૦૨૫**

**<u>:: આંક–૧ નીચે હુકમ ::</u>**

૧). આરોપી સામેના ગુન્હાનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ. પરંતુ કેસનું રેકર્ડ અને રોજકામ ધ્યાને લેતાં આરોપીને ઘણી વખત સમન્સ / વોરંટ કાઢવામાં આવેલ છે. જે મળી આવતો નથી કે ત્યાં રહેતો નથી તેવા શેરા સાથે પરત આવેલ છે. તેમજ જામીનદાર મળી આવતો નથી. આમ, ફરીયાદ પક્ષને પુરતી તક આપવા છતાં ફરીયાદ પક્ષ અને પોલીસ આરોપીને હાજર રખાવવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. તથા પોલીસ પ્રોસેસની બજવણી માટે કોઈ અસરકારક પગલા લીધેલ નથી. આમ, આરોપી નજીકના સમયમાં મળી આવે તેવુ જણાતુ નથી. તે સંજોગો ધ્યાને લેતાં કેસ પેન્ડીંગ રાખવાથી કોર્ટનો કીંમતી સમય તેમજ સરકારશ્રીના પૈસાની વ્યય થાય છે. આરોપી સામેના ગુન્હાના પ્રકાર, પ્રમાણ તેમજ થનાર સંભવિત સજાની જોગવાઈ ધ્યાને લેતા ઘણુ જુનુ છે વધુમાં આરોપી સામે ૬૬(૧)(બી) મુજબનો ગુન્હો બને છે તે હકીકતો ધ્યાને લેતા તેમજ **નામદાર સુપ્રિમકોર્ટના પી.આર.રાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક જી.એલ.આર. ૨૦૦૨(૨) પાના નં.૧૫૪૯** ઉપર ઠરાવેલ સિધ્ધાંતો મુજબ તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર ક્રમાંક : ડી/૨૯૧૭/૨૦૦૬** ના પરિપત્ર મુજબ કામ જુનુ હોઈ અને કેસ આગળ ચલાવવા ઈષ્ટ જણાતુ ના હોય જેથી કેસની આગળ કાર્યવાહી ચલાવવી ઉચીત જણાતી ના હોય સી.આર.પી.સી.ની કલમ ૨૫૮ નો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**::– આ ખ રી હુ ક મ –::**

૧) આ કેસનું પ્રોસિડીંગ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૮ અન્વયે આરોપી સામે હાલની કાર્યવાહી સ્થગિત કરવાનો હુકમ કરવામાં આવે છે. સદરહુ કેસમાંથી આરોપીને ઉપરોકત ગુન્હાના તહોમતમાંથી બિન તહોમત છોડી મુકવામાં આવે છે.

૨) જો આરોપી ભવિષ્યમાં મળી આવે તો તેની સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦(૫) મુજબની આ કોર્ટ દ્રારા પરવાનગી આપવામાં આવે છે. તેમ જાણીને જે–તે તબકકેથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

ઓખામંડળ
તા.૧૧/૦૭/૨૦૨૬

(વિમલ પ્રદીપભાઈ આચાર્ય)
જયુડીશ્ચલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઓખામંડળ.
(જજ કોડ નં.૦૧૪૪૫)